Extra No. 248

©

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXIV ] THURSDAY, AUGUST 17, 2023 / SRAVANA 26, 1945

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

## PART IX

**Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.**

**વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ**

સચિવાલય, ગાંધીનગર, ૧૭મી ઓગસ્ટ, ૨૦૨૩

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના **અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોના વિભાગ**-ના તારીખ: **૧૬-મી જાન્યુઆરી, ૨૦૨૩**.ના જાહેરનામા **ક્રમાંક. જીટીએચ/૨૦૨૩/૧/સીપીએ/૧૦૨૦૨૧/૮૦૨૨૨/ડી**-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

વી. એન. શેખ,
સરકારના નાયબ સચિવ.

**NOTIFICATION**

***Regarding***

**The Consumer Protection (State Consumer Protection Council) Rules, 2023.**

**ગ્રાહક સુરક્ષા (રાજ્ય ગ્રાહક સુરક્ષા પરિષદ) નિયમો, ૨૦૨૩ સંબંધી**

**જાહેરનામું**

**અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોનો વિભાગ**

સચિવાલય, ગાંધીનગર, ૧૬મી જાન્યુઆરી, ૨૦૨૩

**ગ્રાહક સુરક્ષા અધિનિયમ, ૨૦૧૯.**

**ક્રમાંક. જીટીએચ/૨૦૨૩/૧/સીપીએ/૧૦૨૦૨૧/૮૦૨૨૨/ડી:-** ગ્રાહક સુરક્ષા અધિનિયમ, ૨૦૧૯ (સન ૨૦૧૯ના ૩૫મા)ની કલમ ૧૦૨-ની પેટા-કલમ (૨)ના ખંડ (ગ) અને (ઘ)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, નીચેના નિયમો કરે છે:-

૧. (૧) આ નિયમો ગ્રાહક સુરક્ષા (રાજ્ય ગ્રાહક સુરક્ષા પરિષદ) નિયમો, ૨૦૨૩ કહેવાશે.

(૨) તે રાજપત્રમાં તેની પ્રસિદ્ધિની તારીખે અમલમાં આવશે.

૨. વ્યાખ્યા.- (૧) આ નિયમોમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય, તો-

(ક) "અધિનિયમ" એટલે ગ્રાહક સુરક્ષા અધિનિયમ, ૨૦૧૯ (સન ૨૦૧૯નો ૩૫મો);

(ખ) "અધ્યક્ષ" એટલે રાજ્ય પરિષદના અધ્યક્ષ;

(ગ) "રાજ્ય પરિષદ" એટલે અધિનિયમની કલમ ૬-ની પેટા-કલમ (૧) હેઠળ સ્થપાયેલી રાજ્ય ગ્રાહક સુરક્ષા પરિષદ;

(૨)આ નિયમોમાં વાપરેલા પણ વ્યાખ્યાયિત ન કરેલા અને અધિનિયમમાં વ્યાખ્યાયિત કરેલા શબ્દો અને શબ્દપ્રયોગોનો અર્થ, અધિનિયમમાં તેનો જે અર્થ કરવામાં આવ્યો છે તે જ થશે.

૩. રાજ્ય પરિષદની રચના.- રાજ્ય સરકારે, રાજપત્રમાં જાહેરનામાથી, રાજ્ય પરિષદની સ્થાપના કરવી જોઇશે જે નીચેના સભ્યોની બનશે:-

(ક) રાજ્ય સરકારમાં અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોના વિભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી જે રાજ્ય પરિષદના અધ્યક્ષ થશે;

(ખ) રાજ્ય સરકારમાં અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોના વિભાગનો હવાલો ધરાવતા રાજ્યકક્ષાના મંત્રીશ્રી (સ્વતંત્ર હવાલો ધરાવતા ન હોય ત્યારે) રાજ્ય પરિષદના ઉપાધ્યક્ષ થશે;

(ગ) રાજ્ય સરકારે નામનિયુક્ત કરેલા બે સંસદ સભ્યો;

(ઘ) રાજ્ય સરકારે નામનિયુક્ત કરેલા વિધાનસભાના ચાર સભ્યો;

(ચ) કેન્દ્ર સરકારે નામનિયુક્ત કરવાના દસથી વધુ નહિ તેટલા સરકારી અથવા બિન-સરકારી સભ્યો;

(છ) રાજ્ય સરકારે નામનિયુક્ત કરવાના અગિયારથી વધુ નહિ તેટલા ગ્રાહક હિતો સાથે સંબંધિત રાજ્ય સરકારના વિભાગો, સ્વાયત્ત સંસ્થા અથવા નિયંત્રકના પ્રતિનિધિઓ,-

(૧) સચિવ, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોનો વિભાગ;

(૨) સચિવ, આર્થિક બાબતો, નાણા વિભાગ;

(૩) કમિશનર, ઉદ્યોગ;

(૪) કમિશનર, ખોરાક અને ઔષધ નિયમન તંત્ર;

(૫) રાજ્ય સરકારે નામનિયુક્ત કરવાના મ્યુનિસિપલ કોર્પોરેશનના એક અધ્યક્ષ;

(૬) રાજ્ય સરકારે નામનિયુક્ત કરવાના જિલ્લા પંચાયતના બે પ્રમુખ;

(૭) રાજ્ય સરકારે, રાજ્યના ચાર ઝોનમાંથી નામનિયુક્ત કરવાના નગરપાલિકાના ચાર પ્રમુખ;

(જ) નિયંત્રક કાનૂની માપવિજ્ઞાન અને નિયામક ગ્રાહક બાબતો-એ રાજ્ય પરિષદના સભ્ય સચિવ બનશે;

(ઝ) અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોનો વિભાગ, એક મહિલા સહિત પાંચથી વધુ નહિ તેટલા ગ્રાહક સંગઠનોના પ્રતિનિધિઓ નામનિયુક્ત કરશે.

(ટ) અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોના વિભાગે નામનિયુક્ત કરવાના, કોઇ શૈક્ષણિક સંસ્થા, કાયદાકીય સંસ્થામાંથી અને ગ્રાહક આયોગમાંથી ગ્રાહક હિતોને રજૂ કરવા માટે સક્ષમ હોય તેવા ઓછામાં ઓછો પાંચ વર્ષનો અનુભવ ધરાવતા સિદ્ધ તજજ્ઞતા અને અનુભવ ધરાવતા વ્યક્તિઓમાંથી પસંદ કરેલા ત્રણથી વધુ નહિ જેમાંથી ઓછામાં ઓછી એક મહિલા હોય તેટલા, પ્રતિનિધિઓ;

(ઠ) ઉદ્યોગ, વાણિજ્ય અને તબીબી એસોસિયેશનમાંથી, ત્રણથી વધુ નહિ જેમાંથી ઓછામાં ઓછી એક મહિલા હોય તેટલા, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોના વિભાગે નામનિયુક્ત કરવાના પ્રતિનિધિઓ;

૪. રાજ્ય પરિષદની મુદત.- રાજ્ય પરિષદની મુદત ત્રણ વર્ષની રહેશે;

પરંતુ રાજ્ય પરિષદે ત્રણ મહિનાની વધુ મુદત અથવા તેની ફરીથી રચના કરવામાં ન આવે, બન્નેમાંથી જે વહેલું હોય ત્યાં સુધી, કાર્ય કરવાનું ચાલુ રાખવું જોઇશે.

૫. રાજ્ય પરિષદના સભ્યોના રાજીનામા બાબત.- કોઇપણ સભ્ય, લેખિતમાં નોટિસથી, પોતાની સહીથી રાજ્ય પરિષદના અધ્યક્ષને સંબોધીને, રાજ્ય પરિષદમાંથી રાજીનામું આપી શકશે.

૬. રાજીનામાથી ખાલી પડેલ જગા બાબત.-

(ક) નિયમ ૫ હેઠળ સભ્યના રાજીનામાથી ખાલી પડેલ જગા, રાજ્ય સરકારે, સભ્યોની સમાનકક્ષામાંથી નવી નિમણૂકથી ભરવી જોઇશે.

(ખ) નિયમ ૫ હેઠળ સભ્યના રાજીનામાથી ખાલી પડેલ જગા ભરવા માટે નિમણૂક પામેલ વ્યક્તિ, આવી જગા ખાલી પડી ન હોત, તો મૂળ સભ્ય જેટલા સમય માટે હોદ્દો ધરાવત માત્ર તેટલા સમય માટે હોદ્દો ધરાવવા હકદાર થશે.

૭. કાર્યકારી જૂથ.-

(ક) અધિનિયમ હેઠળ તેના કાર્યો બજાવવાના હેતુ માટે, રાજ્ય પરિષદ તેના સભ્યોમાંથી પોતાને જરૂરી જણાય તેમ, તેવા કાર્યકારી જૂથની રચના કરી શકશે અને આ રીતે રચાયેલ દરેક કાર્યકારી જૂથ-એ રાજ્ય સરકાર તેને સોંપે તેવા કાર્યો બજાવવા જોઇશે.

(ખ) રાજ્ય પરિષદ-એ, વિચારાર્થ મુદ્દાથી નિર્દિષ્ટ કરેલ છે તેવા સ્પષ્ટ રીતે વ્યાખ્યાયિત કરેલા કાર્યો દરેક કાર્યકારી જૂથને સોંપવા જોઇશે અને તેમાં જે સમય-મુદતની અંદર તેવા કાર્યો પૂર્ણ કરવાના છે તે સમય-મુદતનો પણ સમાવેશ કરવો જોઇશે.

(ગ) કાર્યકારી જૂથ-એ રાજ્ય પરિષદના અધ્યક્ષને અહેવાલ આપવો જોઇશે.

(ઘ) દરેક કાર્યકારી જૂથના તારણો, રાજ્ય પરિષદની સમક્ષ તેની વિચારણા અર્થે મૂકવા જોઇશે.

(ચ) જે કાર્ય માટે કાર્યકારી જૂથની રચના કરવામાં આવી હતી, તે કાર્ય પૂર્ણ થયેથી, તે (કાર્યકારી જૂથ) કામ કરતું બંધ થશે.

૮. કામકાજના સંચાલન માટે રાજ્ય પરિષદની બેઠકો.-

(ક) રાજ્ય પરિષદની બેઠકો સામાન્ય રીતે રાજ્યના પાટનગર ગાંધીનગર ખાતે યોજવામાં આવશે.

પરંતુ અધ્યક્ષના અભિપ્રાય પ્રમાણે તેમ કરવું ઇષ્ટ હોય, ત્યારે રાજ્ય પરિષદ રાજ્યમાંના બીજા કોઇ પણ સ્થળે પણ પોતાની બેઠકો યોજી શકશે,

(ખ) અધ્યક્ષ, અથવા તેની ગેરહાજરીમાં, ઉપાધ્યક્ષ રાજ્ય પરિષદની બેઠકોનું અધ્યક્ષસ્થાન લેશે.

(ગ) અધ્યક્ષ અને ઉપાધ્યક્ષ બન્નેની ગેરહાજરીમાં, આ હેતુ માટે ચૂંટાયેલ રાજ્ય પરિષદનો સભ્ય, રાજ્ય પરિષદની બેઠકોનું અધ્યક્ષસ્થાન લેશે.

(ઘ) રાજ્ય પરિષદ-એ જરૂરી જણાય તેમ અને ત્યારે બેઠક યોજવી જોઇશે પરંતુ દરેક વર્ષે ઓછામાં ઓછી બે બેઠકો યોજવી જોઇશે.

(ચ) ઝડપી સંચારને સરળ બનાવવા માટે, પોસ્ટથી અથવા ઇ-મેઇલથી બેઠકની નિયત તારીખથી ઓછામાં ઓછા પંદર દિવસ પહેલા દરેક સભ્યને લેખિતમાં નોટિસ બહાર પાડીને અધ્યક્ષની મંજૂરી સાથી રાજ્ય પરિષદની બેઠક બોલાવી શકશે.

(છ) રાજ્ય પરિષદની દરેક બેઠકની નોટિસથી, બેઠકનો સમય, તારીખ અને સ્થળની તેમજ બેઠક માટે કામકાજની યાદીની બાબતોની જાણ કરવી જોઇશે.

(જ) અધ્યક્ષ, અથવા ઉપાધ્યક્ષ અથવા યથાપ્રસંગ બેઠકનું અધ્યક્ષસ્થાન લેનાર સભ્યની મંજૂરી સિવાય, કામકાજની યાદીમાં સમાવિષ્ટ કરેલ ન હોય તેવા કોઇપણ કામકાજનું રાજ્ય પરિષદની બેઠકમાં સંચાલન કરવું જોઇશે નહિ.

(ઝ) રાજ્ય પરિષદની દરેક બેઠકની કાર્યનોંધનો મુસદો બનતી ત્વરાએ અને દરેક બેઠકની સમાપ્તિથી એક અઠવાડીયાથી મોડું નહિ તે રીતે તૈયાર કરવો જોઇશે અને તે, અધ્યક્ષ અથવા ઉપાધ્યક્ષ અથવા બેઠકનું અધ્યક્ષસ્થાન લેનાર સભ્યને, મંજૂરી માટે રજૂ કરવો જોઇશે.

(ટ) અધ્યક્ષ અથવા ઉપાધ્યક્ષ અથવા આ બેઠકનું અધ્યક્ષસ્થાન લેનાર સભ્યએ માન્ય કરેલ રાજ્ય પરિષદની દરેક બેઠકની કાર્યનોંધનો મુસદો, પછીની બેઠકમાં બનતી ત્વરાએ તેની સ્વીકૃતિ માટે, પરિષદના દરેક સભ્યને મોકલવો જોઇશે.

(ઠ) રાજ્ય પરિષદની જોઇ કાર્યવાહી, માત્ર તેમાં કોઇ જગા ખાલી હોવાથી અથવા તેની રચનામાં કોઇ ખામી હોવાના કારણે માન્ય ગણાશે નહિ.

૯. ખર્ચની ભરપાઇ અને બેઠકની ફી બાબત.-

(ક) રાજ્ય પરિષદના બિન-સરકારી સભ્યો, નાણા વિભાગના તારીખ ૧૬/૧૦/૨૦૧૪-ના ઠરાવ મુજબ અને વખતોવખત સુધાર્યા પ્રમાણેના મુસાફરી ભથ્થુ, દૈનિક ભથ્થુ, રોડ માઇલેજ, વાહન ખર્ચ વગેરે મેળવવાને હકદાર રહેશે.

(ખ) પેટા-નિયમ (ક) હેઠળ કરેલ દરેક દાવો, રાજ્ય પરિષદના સભ્યના પ્રમાણીકરણને અધીન રહેશે કે તે, રાજ્ય પરિષદ અથવા તેના કોઇ કાર્યકારી જૂથોની બેઠકમાં હાજર રહેવાના હેતુ માટે તેની મુલાકાત દરમિયાન રાજ્ય સરકારના કોઇ અન્ય વિભાગ અથવા સંગઠનમાંથી કોઇપણ લાભ માટે દાવો કરશે નહિ.

(ગ) રાજ્ય પરિષદ અથવા તેના કાર્યકારી જૂથોની બેઠકમાં હાજર રહેતા સંસદ સભ્ય અથવા વિધાનસભાના સભ્યો, તેવા સભ્યને મળવાપાત્ર છે તેવા દરે મુસાફરી અને દૈનિક ભથ્થાને હકદાર થશે.

(ઘ) પરિષદના સંબંધિત સભ્ય સચિવ-એ બેઠકના દિવસે તમામ સભ્યોને ઉપરના મળવાપાત્ર ભથ્થા ચૂકવવા જોઇશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**નયના પટેલ,**

સરકારના નાયબ સચિવ.

---------------



Signature valid
Signed by:BHOLUSINGH G THAKUR
Date: 2023.11.11 07:34:19 +05:30
Reason: Validate Document
Location: Government Central Press, Gandhinagar

# વિલંબનું નિવેદન

ગ્રાહક સુરક્ષા અધિનિયમ, ૨૦૧૯ હેઠળ કરેલ જાહેરનામા/નિયમો વિધાનસભા ગૃહના મેજ પર મુકવા માટે થયેલ વિલંબના કારણો.

## જાહેરનામુ - તા.૧૬/૦૧/૨૦૨૩

ગ્રાહક સુરક્ષા અધિનિયમ,૨૦૧૯ તા.૨૦/૦૭/૨૦૨૦ થીદેશમાં અમલી બનેલ છે. ઉકત કાયદા હેઠળ જુદા-જુદા જાહેરનામા અને નિયમો બનાવવાના થાય છે. જે વિધાનસભા ગૃહના મેજ પર ગુજરાતી અને અંગ્રેજીમાં જાહેરનામા મુકવાના રહે છે. પંદરમી ગુજરાત વિધાનસભાનુ બીજું સત્ર ૨૩/૦૨/૨૦૨૩થી ૨૯/૦૩/૨૦૨૩ સુધી અને ત્રીજું સત્ર તા.૧૩/૦૯/૨૦૨૩ ના રોજ ટૂંકા સમયગાળા માટે મળેલ હતું.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર દ્વારા આ જાહેરનામાનો ગુજરાતી અનુવાદ તા.૧૭/૦૮/૨૦૨૩ ના રોજ સરકારી ગેઝેટમાં પ્રસિધ્ધ કરવામાં આવેલ હતુ.પરંતુ વહીવટી કારણોસર પંદરમી વિધાનસભાના ત્રીજા સત્ર દરમિયાન ગૃહના મેજ પર મુકવા માટે વિલંબ થયેલ છે. જે ધ્યાને લેવા વિનંતી છે.

(એન.એસ.વસાવા)
નાયબ સચિવ
અન્ન નાગરિક પુરવઠા અને
ગ્રાહકોની બાબતોનો વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.

Extra No. 14

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXIV ] MONDAY, FEBRUARY 6, 2023 / MAGHA 17, 1944

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

## PART IV-A

**Rules and Orders (Other than those published in Parts I, I-A, and I-L) made by the Government of Gujarat under the Central Acts**

**FOOD, CIVIL SUPPLIES AND CONSUMER AFFAIRS DEPARTMENT**

**NOTIFICATION**

Sachivalaya, Gandhinagar, 16th January, 2023

**CONSUMER PROTECTION ACT, 2019.**

**No. - GTH/2023/1/CPA/102021/80222/D:-** In exercise of the powers conferred by clause (c) and (d) of sub-section (2) of section 102 of the Consumer Protection Act, 2019 (35 of 2019), the Government of Gujarat, hereby makes the following rules, namely:-

1. **Short title and commencement.-** (1) These rules may be called the Consumer Protection (State Consumer Protection Council) Rules, 2023.

   (2) They shall come into force on the date of their publication in the *Official Gazette*.

2. **Definitions.-** (1) In these rules, unless the context otherwise requires,—

   (a) "Act" means the Consumer Protection Act, 2019 (35 of 2019);

   (b) "Chairperson" means the chairperson of the State Council;

   (c) "State Council" means the State Consumer Protection Council established under sub-section (1) of section 6 of the Act;

   (2) The words and expressions used herein, but not defined, and defined in the Act shall have the meaning assigned to them in the Act.

3. **Composition of State Council.** — The State Government shall, by notification in the Official Gazette, establish the State Council which shall consist of the following members, namely:-

   (a) The Minister in-charge of Food, Civil Supplies and Consumer Affairs Department in the State Government who shall be the Chairperson of the State Council;

   (b) The Minister of State (where he is not holding independent charge) in charge of Food, Civil Supplies and Consumer Affairs Department in the State Government who shall be the Vice-Chairperson of the State Council;

(c) Two Members of Parliament nominated by State Government;

(d) Four Members of Legislative Assembly Nominated by State Government;

(e) Official or Non-official members, not exceeding ten to be nominated by the Central Government;

(f) Representatives of Departments of the State Government, autonomous organisations or regulators concerned with consumer interests, not exceeding eleven to be nominated by the State Government, -

(1) Secretary, Food Civil Supplies and Consumer Affairs Department

(2) Secretary, Economic Affairs, Finance Department;

(3) Commissioner, Industries;

(4) Commissioner, Food and Drug Control Administration;

(5) One chairman of Municipal Corporation to be nominated by State Government;

(6) Two presidents of District Panchayats to be nominated by State Government;

(7) Four presidents of Nagarpalika from four zones of the State to be nominated by State Government;

(g) Controller Legal Metrology and Director Consumer Affairs shall be the member secretary of the State Council;

(h) Representatives of Consumer organisations not exceeding five, including one woman is to be nominated by the Department Food, Civil Supplies and Consumer Affairs;

(i) Representatives with proven expertise and experience who are capable of representing consumer interests, drawn from amongst Educational Institute, Legal Institute and from Consumer commission who have minimum experience of Five years, not exceeding three, of whom at least one shall be a woman, to be nominated by the Department Food, Civil Supplies and Consumer Affairs;

(j) Representatives from Associations of Industries, Commerce and Medical, not exceeding three, of whom at least one shall be a woman, to be nominated by the Department Food, Civil Supplies and Consumer Affairs;

4. **Term of State Council.** – The term of the State Council shall be three years; :

Provided that the State Council shall continue to function for a further period of three months or till it is reconstituted, whichever is earlier.

5. **Resignation of members of State Council.** — Any member may, by notice in writing under his hand addressed to the Chairperson of the State Council, resign from the State Council.

6. **Vacancy caused by resignation.** —

(a) A vacancy caused by the resignation of a member under rule 5 shall be filled by a fresh appointment from the same category of members by the State Government.

(b) The person appointed to fill the vacancy caused by the resignation of a member under rule 5 shall hold office only for the period of time that the original member would have been entitled to hold office had the vacancy not occurred.

7. **Working Groups.** —

(a) For the purposes of performing its functions under the Act, the State Council may constitute from amongst its members, such working groups as it may deem necessary and every working group so constituted shall perform such task as are assigned to it by the State Council.

(b) The State Council shall entrust to each working group clearly defined tasks which are specified through terms of reference and which shall also include the time-period within which such task are to be completed.

(c) The working groups shall report to the Chairperson of the State Council.

(d) The findings of each working group shall be placed before the State Council for its consideration.

(e) The working group shall cease to function on the completion of the task for which it was constituted.

**8. Meetings of State Council for transaction of business. –**

(a) The meetings of the State Council shall ordinarily be held in the State Capital Gandhinagar, :

Provided that the State Council may also hold its meetings at any other place in State, wherever in the opinion of the Chairperson, it is expedient so to do.

(b) The Chairperson, or in his absence, the Vice-Chairperson shall preside over the meetings of the State Council.

(c) In the absence of both the Chairperson and the Vice-Chairperson, the meetings of the State Council shall be presided over by a member of the State Council elected for this purpose.

(d) The State Council shall meet as and when necessary but not less than two meetings shall be held every year.

(e) A meeting of the State Council may be called with the approval of the Chairperson by issuing a notice in writing to every member at least fifteen days before the intended date of the meeting by post, or through e-mail to facilitate speedy communication.

(f) The notice of every meeting of the State Council shall intimate the time, date, and place of the meeting and the items of agenda for the meeting.

(g) Any business not included in the agenda shall not be transacted at a meeting of the State Council except with the permission of the Chairperson, or the Vice-Chairperson, or the member presiding over the meeting, as the case may be.

(h) The draft minutes of each meeting of the State Council shall be prepared as soon as possible and not later than one week from the conclusion of each meeting and the same shall be submitted to the Chairperson or the Vice-Chairperson or to the member who presided over the meeting for his approval.

(i) The draft minutes of each meeting of the State Council approved by the Chairperson or the Vice-Chairperson or the member who presided over this meeting shall be forwarded to each member of the Council as soon as possible for adoption at the next meeting.

(j) No proceedings of the State Council shall be invalid merely by reasons of existence of any vacancy in or any defect in the constitution of the State Council.

**9. Reimbursement of expenses and sitting fees.—**

(a) Non-official members of the State Council shall be entitled to get Travelling Allowance, Daily Allowance, Road Mileage, Conveyance Charge etc. as per the Resolution Dated 16/10/2014 of Finance Department and as amended time to time.

(b) Every claim made under sub-rule (a) shall be subject to the member of the State Council certifying that he shall not claim any benefit from any other department or organisation of the State Government during his visit for the purpose of attending the meeting of the State Council or any of its working groups.

(c) Member of Parliament and Members of Legislative Assembly attending meetings of the State Council or its working groups shall be entitled to travelling and daily allowances at such rates as are admissible to such Members.

(d) All the member should be paid the above admissible allowance on the day of meeting by the concerned member secretary of the council.

By order and in the name of the Governor of Gujarat,

**NAYANA PATEL,**
Deputy Secretary to Government.

---

Signature valid
Signed by:BHOLUSINGH G THAKUR
Date: 2023.02.11 08:19:37 +05:30
Reason: Validate Document
Location: Government Central Press, Gandhinagar

Government Central Press, Gandhinagar.

## Statement of Delay

**Reasons of delay in laid down on the table of Legislative Assembly of Notifications/Rules under Consumer Protection Act, 2019.**

**Notification Date:**16/01/2023

Consumer Protection Act, 2019 is implemented from 20/07/2020 in the Nation. Various Notifications and Rules are to be framed under this Act which are to be laid down on the table of Legislative Assembly in Gujarati and English. 2nd Session of fifteen Legislative Assembly was held between Dt. 23/02/2023 to 29/03/2023 and 3rd Session of fifteen Legislative Assembly was held on 13/09/2023 for a short duration.

Government Printing Press, Gandhinagarhad published Gujarati translation of above Notification in GovernmentGazette on dated 17/08/2023. But due to administrative reasons, it has been delayed to be placed on the table of the House during the 3rdsessions of the fifteen Legislative Assembly. It is requested to kindly consider the same.

( N.S.Vasava )

Deputy Secretary
Food C.S. & C.A. Deptt.
Sachivalaya, Gandhinagar.

Extra No. 12

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

**PUBLISHED BY AUTHORITY**

Vol. LXV ] WEDNESDAY, JANUARY 10, 2024 / PAUSHA 20, 1945

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

## PART IX

**Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.**

**વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ**

સચિવાલય, ગાંધીનગર, ૧૦મી જાન્યુઆરી, ૨૦૨૪

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના **અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોનો વિભાગ**ના **તારીખ: ૧૬મી જાન્યુઆરી,** ૨૦૨૩ના જાહેરનામા **ક્રમાંક: જીટીએચ/૨૦૨૩/૨/સીપીએ/૧૦૨૦૨૧/૮૦૨૨૨/ડી.**- નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

**આર. આર. સોલંકી,**
સરકારના નાયબ સચિવ.

**NOTIFICATON**

*Under*

**Consumer Protection Act, 2019**

**ગ્રાહક સંરક્ષણ અધિનિયમ, ૨૦૧૯ હેઠળ**

**જાહેરનામું**

**અન્ન, નાગિરક પુરવઠા અને ગ્રાહક બાબતોનો વિભાગ**

સચિવાલય, ગાંધીનગર, ૧૬મી જાન્યુઆરી, ૨૦૨૩

**ગ્રાહક સંરક્ષણ અધિનિયમ, ૨૦૧૯.**

**ક્રમાંક. જીટીએચ/૨૦૨૩/૨/સીપીએ/૧૦૨૦૨૧/૮૦૨૨૨/ડી:-** ગ્રાહક સંરક્ષણ અધિનિયમ, ૨૦૧૯ (સન ૨૦૧૯નો ૩૫-મા)ની કલમ ૧૦૨ની પેટા-કલમ(૨) ના ખંડ (ચ) અને (છ) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર આથી, નીચેના નિયમો કરે છેઃ-

૧. **ટૂંકી સંજ્ઞા અને આરંભ.**- (૧) આ નિયમો, ગ્રાહક સંરક્ષણ (જિલ્લા ગ્રાહક સંરક્ષણ પરિષદ) નિયમો, ૨૦૨૩ કહેવાશે.

૨. **વ્યાખ્યા.**- (૧) આ નિયમોમાં સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય તો,-

(ક) "અધિનિયમ" એટલે ગ્રાહક સંરક્ષણ અધિનિયમ, ૨૦૧૯ (સન ૨૦૧૯નો ૩૫-મો);

(ખ) "અધ્યક્ષ" એટલે જિલ્લા પરિષદના અધ્યક્ષ;

(ગ) "જિલ્લા પરિષદ" એટલે અધિનિયમની કલમ ૮ની પેટા-કલમ (૮) હેઠળ રચાયેલી જિલ્લા ગ્રાહક સંરક્ષણ પરિષદ;

(૨) અહીં વાપરેલા પણ વ્યાખ્યાયિત ન કરેલા અને અધિનિયમમાં વ્યાખ્યાયિત કરેલા શબ્દો અને શબ્દપ્રયોગોનો અર્થ, અધિનિયમમાં તેમનો જે અર્થ કરવામાં આવ્યો છે તે થશે.

૩. **જિલ્લા પરિષદની રચના.**- રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, નીચેના સભ્યોની બનેલી જિલ્લા પરિષદની રચના કરી શકશેઃ-

(ક) જિલ્લાના ઈન-ચાર્જ કલેક્ટર જિલ્લા પરિષદના અધ્યક્ષ રહેશે;

(ખ) સંબંધિત જિલ્લાના વિધાનસભાના તમામ સભ્યો જિલ્લા પરિષદના સભ્યો રહેશે;

(ગ) રાજ્ય સરકારની જિલ્લા કચેરીઓ, સ્વાયત્ત સંગઠનો અથવા નિયમનોમાંના, ગ્રાહકોના હિત સંબંધિત, રાજ્ય સરકાર દ્વારા નક્કી કરવામાં આવે તેવા નવથી વધુ નહિ તેવા પ્રતિનિધિઓ,-

(૧) જિલ્લા વિકાસ અધિકારી;

(૨) જિલ્લા તબીબી અધિકારી;

(૩) જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ;

(૪) ખોરાક અને ઔષધ નિયમન કચેરીના મુકરર કરેલા અધિકારી;

(૫) સંબંધિત ઈલેક્ટ્રિસિટી કંપનીના સિનિયર એક્ઝિક્યુટિવ એન્જિનિયર;

(૬) આઈઆરડીએના જિલ્લા કક્ષાના અધિકારી;

(૭) અગ્રણી બેંકના જિલ્લા કક્ષાના અધિકારી;

(૮) મદદનીશ નિયામક, ગ્રાહક તકરાર નિવારણ આયોગ;

(૯) મદદનીશ નિયંત્રક, કાનૂની માપવિજ્ઞાન;

(ઘ) સંબંધિત જિલ્લાના જિલ્લા પુરવઠા અધિકારી જિલ્લા પરિષદના સભ્ય સચિવ બનશે;

(ચ) જિલ્લા પરિષદના અધ્યક્ષ દ્વારા નામનિયુક્ત કરવામાં આવે તેવા ગ્રાહક સંગઠનોના ઓછામાં ઓછા ત્રણ પ્રતિનિધિ;

(છ) અધ્યક્ષ દ્વારા નામનિયુક્ત કરવાના, શૈક્ષણિક સંસ્થા, કાનૂની સંસ્થા અને ગ્રાહક આયોગમાંથી લેવામાં આવેલ, ઓછામાં ઓછો પાંચ વર્ષનો અનુભવ ધરાવતા હોય, તેવા ગ્રાહકોના હિતોનું પ્રતિનિધિત્વ કરવા સક્ષમ, નિપુણતા અને અનુભવ ધરાવતા ત્રણથી વધુ નહિ તેટલા પ્રતિનિધિઓ, જેમાંથી ઓછામાં ઓછી એક મહિલા હોવી જોઈશે;

(જ) અધ્યક્ષ દ્વારા નામનિયુક્ત કરવાના, ઉદ્યોગ સંગઠનો, વાણિજ્ય અને તબીબી સંગઠનોમાંના ત્રણથી વધુ નહિ તેટલા પ્રતિનિધિઓ, જેમાંથી ઓછામાં ઓછી એક મહિલા હોવી જોઈશે;

૪. **જિલ્લા પરિષદની મુદત:-** જિલ્લા પરિષદની મુદત ત્રણ વર્ષની રહેશે:

પરંતુ જિલ્લા પરિષદ ત્રણ મહિનાની વધુ મુદત સુધી અથવા તેની પુનઃરચના કરવામાં આવે તે બેમાંથી જે વહેલું હોય ત્યાં સુધી ચાલુ રાખી શકાશે.

૫. **જિલ્લા પરિષદના સભ્યોનું રાજીનામું.-** કોઈ સભ્ય, જિલ્લા પરિષદના અધ્યક્ષને સંબોધીને લેખિતમાં નોટિસ આપીને, જિલ્લા પરિષદમાંથી રાજીનામું આપી શકશે.

૬. **રાજીનામાને લીધે જગા ખાલી પડવા બાબત.-**

(ક) નિયમ ૫ હેઠળ સભ્યના રાજીનામાને કારણે ખાલી પડેલી જગા, જિલ્લા પરિષદના અધ્યક્ષે તે વર્ગના સભ્યોમાંથી નવી નિમણૂકથી ભરવી જોઈશે.

(ખ) નિયમ ૫ હેઠળ સભ્યના રાજીનામાને કારણે ખાલી પડેલી જગા પર નિમણૂક કરવામાં આવેલી વ્યક્તિ, મૂળ સભ્ય જગા ખાલી ન પડવાને કારણે જ્યાં સુધી હોદો ધરાવવા માટે હકદાર રહ્યો હોત તેટલા સમય માટે હકદાર રહેશે.

૭. **કાર્યકારી જૂથ.-**

(ક) જિલ્લા પરિષદ, અધિનિયમ હેઠળ તેનાં કાર્યો બજાવવા માટે તેના સભ્યોમાંથી પોતાને યોગ્ય જણાય તેવાં કાર્યકારી જૂથોની રચના કરી શકશે અને આવી રીતે રચાયેલ દરેક કાર્યકારી જૂથ જિલ્લા પરિષદ દ્વારા તેને સોંપવામાં આવે તેવું કામ કરશે.

(ખ) જિલ્લા પરિષદ પ્રત્યેક કાર્યકારી જૂથને ચોક્કસ રીતે વ્યાખ્યાયિત કરેલ વિચારવાના મુદ્દાથી નિર્દિષ્ટ કરવામાં આવેલ કામની સોંપણી કરશે અને તેમાં આવું કામ જે સમયમર્યાદાની અંદર પૂર્ણ કરવું જોઈશે તે સમયમર્યાદાનો પણ સમાવેશ થશે.

(ગ) કાર્યકારી જૂથો જિલ્લા પરિષદના અધ્યક્ષને અહેવાલ સોંપશે.

(ઘ) પ્રત્યેક કાર્યકારી જૂથના નિર્ણયો જિલ્લા પરિષદની વિચારણા માટે તેની સમક્ષ મૂકવા જોઈશે.

(ચ) કાર્યકારી જૂથની જે કામ માટે રચના કરવામાં આવી હતી તે પૂર્ણ થયેથી તેનો અંત લાવવો જોઈશે.

૮. **કામકાજ ચલાવવા માટે જિલ્લા પરિષદની બેઠકો.-**

(ક) જિલ્લા પરિષદની બેઠકો સામાન્ય રીતે જિલ્લાના મુખ્ય મથકોએ યોજવી જોઇશે.

(ખ) જિલ્લા પરિષદની બેઠકમાં આ હેતુ માટે જિલ્લા પરિષદનો ચૂંટાયેલો સભ્ય, અધ્યક્ષ અથવા તેમની ગેરહાજરીમાં બેઠકનું પ્રમુખ સ્થાન સંભાળશે.

(ગ) જિલ્લા પરિષદની બેઠક જરૂર જણાય ત્યારે પરંતુ દર વર્ષે ઓછામાં ઓછી બે બેઠક મળશે.

(ઘ) જિલ્લા પરિષદની બેઠક અધ્યક્ષની સંમતિથી બેઠકની અભિપ્રેત તારીખના ઓછામાં ઓછા પંદર દિવસ પહેલાં ઝડપી સંદેશાવ્યવહાર માટે ટપાલ, અથવા ઈ-મેઈલ મારફતે લેખિતમાં નોટિસ આપવી જોઈશે.

(ચ) જિલ્લા પરિષદની બેઠકની દરેક નોટિસ બેઠકનો સમય, તારીખ અને સ્થળ અને બેઠકની કાર્યસૂચિ દર્શાવતી હોવી જોઈશે.

(છ) જિલ્લા પરિષદની બેઠકમાં કાર્યસૂચિમાં આવરી લેવામાં ન આવેલ કોઈ કામકાજ, અધ્યક્ષ અથવા યથાપ્રસંગ, બેઠકનું પ્રમુખ સ્થાન સંભાળતા સભ્યની પરવાનગી સિવાય ચલાવવામાં આવશે નહિ.

(જ) જિલ્લા પરિષદની દરેક બેઠકની કાર્યનોંધનો મુસદો શક્ય તેટલો ઝડપી અને દરેક બેઠક પૂર્ણ થયેથી ઓછામાં ઓછા એક અઠવાડિયાની અંદર તૈયાર કરવો જોઈશે અને તે બેઠકનું પ્રમુખ સ્થાન સંભાળતા અધ્યક્ષ અથવા સભ્યની સંમતિ માટે રજૂ કરવો જોઈશે.

(ઝ) બેઠકનું પ્રમુખ સ્થાન સંભાળતા અધ્યક્ષ અથવા સભ્યએ દરેક બેઠકની કાર્યનોંધનો મુસદો જિલ્લા પરિષદના દરેક સભ્યને આગામી બેઠકમાં સ્વીકૃતિ માટે બનતી ત્વરાએ મોકલવો જોઈશે.

(ટ) જિલ્લા પરિષદની કોઇપણ કાર્યવાહીને માત્ર પરિષદના બંધારણમાં કોઇ જગા ખાલી પડવાના કારણે અથવા કોઈ ક્ષતિના કારણે અમાન્ય ઠરાવી શકાશે નહિ.

૯. **ખર્ચ અને બેઠક ફીનું વળતર.-**

(ક) જિલ્લા પરિષદના બિન-સરકારી સભ્યો નાણા વિભાગના તારીખ: ૧૬/૧૦/૨૦૧૪ના અને વખતોવખત સુધારેલા ઠરાવ મુજબ મુસાફરી ભથ્થું, દૈનિક ભથ્થું, રોડ માઈલેજ, વાહન ખર્ચ વગેરે મેળવવાને હકદાર રહેશે.

(ખ) પેટા-નિયમ (ક) હેઠળ કરવામાં આવેલો દરેક દાવો જિલ્લા પરિષદના સભ્ય દ્વારા એ બાબત પ્રમાણિત કરવાને અધીન રહેશે કે જિલ્લા પરિષદ અથવા તેના કોઇપણ કાર્યકારી જૂથની બેઠકમાં ભાગ લેવાના હેતુથી તેની મુલાકાત દરમિયાન તેણે રાજ્ય સરકારની અન્ય કોઇ કચેરીઓ અથવા સંગઠન પાસેથી કોઇપણ લાભનો દાવો કરેલ નથી.

(ગ) જિલ્લા પરિષદ અથવા તેના કાર્યકારી જૂથની બેઠકમાં હાજર રહેનાર વિધાનસભાના સભ્ય, આવા સભ્યોને મળવાપાત્ર હોય તેટલા દરે મુસાફરી અને દૈનિક ભથ્થાં મેળવવાને હકદાર રહેશે.

(ઘ) પરિષદના સંબંધિત સભ્ય સચિવ દ્વારા બેઠકના દિવસે તમામ સભ્યને ઉપરોક્ત મળવાપાત્ર ભથ્થું ચૂકવવું જોઈશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**નયના પટેલ,**

સરકારના નાયબ સચિવ.

------------

Signature valid
Signed by:BHOLUSINGH G THAKUR
Date: 2024.02.06 16:45:19 +05:30
Reason: Validate Document
Location: Government Central Press, Gandhinagar

# <u>વિલંબનું નિવેદન</u>

ગ્રાહક સુરક્ષા અધિનિયમ, ૨૦૧૯ હેઠળ કરેલ જાહેરનામા/નિયમો વિધાનસભા ગૃહના મેજ પર મુકવા માટે થયેલ વિલંબના કારણો.

## જાહેરનામુ - તા.૧૬/૦૧/૨૦૨૩

ગ્રાહક સુરક્ષા અધિનિયમ,૨૦૧૯ તા.૨૦/૦૭/૨૦૨૦ થીદેશમાં અમલી બનેલ છે. ઉકત કાયદા હેઠળ જુદા-જુદા જાહેરનામા અને નિયમો બનાવવાના થાય છે. જે વિધાનસભા ગૃહના મેજ પર ગુજરાતી અને અંગ્રેજીમાં જાહેરનામા મુકવાના રહે છે. પંદરમી ગુજરાત વિધાનસભાનુ બીજું સત્ર ૨૩/૦૨/૨૦૨૩થી ૨૯/૦૩/૨૦૨૩ સુધી અને ત્રીજું સત્ર તા.૧૩/૦૯/૨૦૨૩ ના રોજ ટૂંકા સમયગાળા માટે મળેલ હતું.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર દ્વારા આ જાહેરનામાનો ગુજરાતી અનુવાદ તા.૧૦/૦૧/૨૦૨૪ ના રોજ સરકારી ગેઝેટમાં પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.આ કારણસર વિધાનસભાના ઉક્ત સત્રો દરમિયાન ગૃહના મેજ પર મુકવા માટે વિલંબ થયેલ છે. જે ધ્યાને લેવા વિનંતી છે.

(એન.એસ.વસાવા)
નાયબ સચિવ
અન્ન નાગરિક પુરવઠા અને
ગ્રાહકોની બાબતોનો વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.

Extra No. 15

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXIV ] MONDAY, FEBRUARY 6, 2023 / MAGHA 17, 1944

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

## PART IV-A

**Rules and Orders (Other than those published in Parts I, I-A, and I-L) made by the Government of Gujarat under the Central Acts**

**FOOD, CIVIL SUPPLIES AND CONSUMER AFFAIRS DEPARTMENT**

**NOTIFICATION**

Sachivalaya, Gandhinagar, 16th January, 2023

**CONSUMER PROTECTION ACT, 2019.**

**No.-GTH/2023/2/CPA/102021/80222/D:-** In exercise of the powers conferred by clause (e) and (f) of sub-section (2) of section 102 of the Consumer Protection Act, 2019 (35 of 2019), the Government of Gujarat, hereby makes the following rules, namely:-

1. **Short title and commencement.-** (1) These rules may be called the Consumer Protection (District Consumer Protection Council) Rules, 2023.

   (2) They shall come into force on the date of their publication in the *Official Gazette*.

2. **Definitions.-** (1) In these rules, unless the context otherwise requires,—

   (a) "Act" means the Consumer Protection Act, 2019 (35 of 2019);

   (b) "Chairperson" means the chairperson of the District Council;

   (c) "District Council" means the District Consumer Protection Council established under sub-section (1) of section 8 of the Act;

   (2) The words and expressions used herein, but not defined, and defined in the Act shall have the meaning assigned to them in the Act.

3. **Composition of District Council.-** The State Government shall, by notification in the Official Gazette, establish the District Council which shall consist of the following members, namely:-

   (a) The Collector in-charge of District shall be the Chairperson of the District Council;

   (b) All Members of Legislative Assembly of the respective district shall be members of the Council;

(c) Representatives from the different District offices of the State Government, autonomous organisations or regulators concerned with consumer interests, not exceeding nine to be Decided by the State Government, -

(1) District Development Officer;

(2) District Medical Officer;

(3) District Registrar, Cooperative Societies;

(4) Designated Officer, Food and Drug Regulating Office;

(5) Senior Executive Engineer from relevant Electricity Company;

(6) District Level Officer from IRDA;

(7) District Level Officer from Lead bank;

(8) Assistant Director, Consumer Disputes Redressal Commission;

(9) Assistant Controller, Legal Metrology;

(d) District Supply Officer of respective District shall be the member secretary of the District Council;

(e) Maximum three Representative of consumer organisations to be nominated by the Chairperson of the District Council;

(f) Representatives with proven expertise and experience who are capable of representing consumer interests, drawn from amongst Educational Institute, Legal Institute and from Consumer Commission who have minimum experience of Five years, not exceeding three, of whom at least one shall be a woman, to be nominated by the Chairperson;

(g) Representatives from Associations of Industries, Commerce and Medical association, not exceeding three, of whom at least one shall be a woman, to be nominated by the Chairperson.

4. **Term of District Council.** — The term of the District Council shall be three years, :

Provided that the District Council shall continue to function for a further period of three months or till it is reconstituted, whichever is earlier.

5. **Resignation of members of District Council.** — Any member may, by notice in writing under his hand addressed to the Chairperson of the District Council, resign from the District Council.

6. **Vacancy caused by resignation.** —

(a) A vacancy caused by the resignation of a member under rule 5 shall be filled by a fresh appointment from the same category of members by the Chairperson of the District Council.

(b) The person appointed to fill the vacancy caused by the resignation of a member under rule 5 shall hold office only for the period of time that the original member would have been entitled to hold office had the vacancy not occurred.

7. **Working Groups.** —

(a) For the purposes of performing its functions under the Act, the District Council may constitute from amongst its members, such working groups as it may deem necessary and every working group so constituted shall perform such task as are assigned to it by the District Council.

(b) The District Council shall entrust to each working group clearly defined tasks which are specified through terms of reference and which shall also include the time-period within which such task are to be completed.

(c) The working groups shall report to the Chairperson of the District Council.

(d) The findings of each working group shall be placed before the District Council for its consideration.

(e) The working group shall cease to function on the completion of the task for which it was constituted.

8. **Meetings of District Council for transaction of bussiness.** —

(a) The meetings of the District Council shall ordinarily be held at the headquarters of the District.

(b) The Chairperson, or in his absence the meetings of the District Council shall be presided over by a member of the District Council elected for this purpose.

(c) The District Council shall meet as and when necessary but not less than two meetings shall be held every year.

(d) A meeting of the District Council may be called with the approval of the Chairperson by issuing a notice in writing to every member at least fifteen days before the intended date of the meeting by post, or through e-mail to facilitate speedy communication.

(e) The notice of every meeting of the District Council shall intimate the time, date, and place of the meeting and the items of agenda for the meeting.

(f) Any business not included in the agenda shall not be transacted at a meeting of the District Council except with the permission of the Chairperson, or the member presiding over the meeting, as the case may be.

(g) The draft minutes of each meeting of the District Council shall be prepared as soon as possible and not later than one week from the conclusion of each meeting and the same shall be submitted to the Chairperson or to the member who presided over the meeting for his approval.

(h) The draft minutes of each meeting of the District Council approved by the Chairperson or the member who presided over this meeting shall be forwarded to each member of the District Council as soon as possible for adoption at the next meeting.

(i) No proceedings of the District Council shall be invalid merely by reasons of existence of any vacancy in or any defect in the constitution of the District Council.

9. **Reimbursement of expenses and sitting fees.—**

(a) Non-official members of the District Council shall be entitled to get Travelling Allowance, Daily Allowance, Road Mileage, Conveyance Charge etc. as per the Resolution Dated 16/10/2014 of Finance Department and as amended time to time.

(b) Every claim made under sub-rule (a) shall be subject to the member of the District Council certifying that he shall not claim any benefit from any other Offices or organisation of the State Government during his visit for the purpose of attending the meeting of the District Council or any of its working groups.

(c) Members of Legislative Assembly attending meetings of the District Council or its working groups shall be entitled to travelling and daily allowances at such rates as are admissible to such Members.

(d) All the member should be paid the above admissible allowance on the day of meeting by the concerned member secretary of the council.

By order and in the name of the Governor of Gujarat,

**NAYANA PATEL,**
Deputy Secretary to Government.

---------------

Signature valid
Signed by:BHOLUSINGH G THAKUR
Date: 2023.02.11 11:08:23 +05:30
Reason: Validate Document
Location: Government Central Press, Gandhinagar

# Statement of Delay

## Reasons of delay in laid down on the table of Legislative Assembly of Notifications/Rules under Consumer Protection Act, 2019.

### Notification Date:16/01/2023

Consumer Protection Act, 2019 is implemented from 20/07/2020 in the Nation. Various Notifications and Rules are to be framed under this Act which are to be laid down on the table of Legislative Assembly in Gujarati and English. 2ndSession of fifteen Legislative Assembly was held between Dt. 23/02/2023 to 29/03/2023 and 3rdSession of fifteen Legislative Assembly was held on 13/09/2023 for a short duration.

Government Printing Press, Gandhinagar had published Gujarati translation of above Notification in GovernmentGazette on dated 10/01/2024. For this reason it has been delayed to be placed on the table of the House during the said sessions of the Legislative Assembly. It is requested to kindly consider the same.

( N.S.Vasava )

Deputy Secretary
Food C.S. & C.A. Deptt.
Sachivalaya, Gandhinagar